**ડાયરેક્ટ ❤ સે**

જે દોરાની
ગાંઠ ખુલી શકતી હોય
એ દોરા પર
કાતર
ક્યારેય ન મારવી જોઈએ

# વિદ્યાર્થીઓએ જાતે બનાવેલાં દિવાળી કાર્ડ પોસ્ટ કર્યા



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાંથી પ્રિ-પ્રાઈમરી વિભાગ અને ધો-૧ અને ૨ના વિદ્યાર્થીઓ સેકટર-૧૬ની પોસ્ટ-ઓફિસની મુલાકાત લીધી તેમજ વિદ્યાર્થીઓએ બનાવેલ દિવાળીનો સંદેશ લખેલ પોસ્ટકાર્ડ પોસ્ટ કર્યા હતા. પોસ્ટ ઓફિસમાં કાર્ય કરતા કર્મચારીઓએ વિદ્યાર્થીઓને વિવિધ માહિતી આપી અને સારો સહકાર આપ્યો હતો.

## જન્મદિને વધામણી



કનૈયાલાલ બી ઉપાધ્યાય
મો. ૯૭૨૬૩ ૩૨૧૩૪



ફ્રેયા એસ કામલીયા



હેનિલ નિલેષ પરમાર
મો. ૯૭૧૪૧ ૯૮૧૯૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક ૨૭મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૫
ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર સંસ્થાની ઓકટોબર માસની બેઠક તા. ૨૭-૧૦-૧૮ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે પ્લોટ નં.૬૨૯ વાસ્તુ નિર્માણ સોસાયટી સે-૨૨ ખાતે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાને ગાંધી ૧૫૦ નિમિતે મળશે.

## ત્રિદલની માસિક સભા રવિવારે

ગાંધીનગર, તા. ૨૬
ત્રિદલ સંસ્થાની ઑકટોબર માસની બેઠક નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧ ખાતે તા. ૨૮ ઓકટોબરના રોજ સાંજે ૫.૦૦ કલાકે મળી રહી છે. આ બેઠકમાં જાણીતા પ્રગતિશીલ લેખક પ્રવીણ ગઢવી (નિવૃત્ત આઈએએસ) 'ધર્મ અને વિજ્ઞાન' વિષયે વાર્તાલાપ આપશે.

સંસ્થાના સૌ સભ્યો તથા ભાવિકોને ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી આમંત્રણ આપવામાં આવ્યું છે.

## બાસ્કેટ બૉલ સ્પર્ધામાં ડીપીએસને બ્રોન્ઝ મૅડલ



સીબીએસઈ વેસ્ટઝોન કલસ્ટર-૧૩ દ્વારા અમેરિકન સ્કૂલઓફ બરોડા ખાતે બાસ્કેટબૉલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ગુજરાત ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશો દીવ-દમણ-દાદરા નગર હવેલીમાંથી કુલ ૩૨ સ્કૂલ્સની ટીમે ભાગ લીધો હતો. ડીપીએસ ગાંધીનગરે અન્ડર-૧૭ ગર્લ્સ કૅટેગરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. ખેલ મહાકુંભમાં સર્વોત્તમ દેખાવ કર્યા બાદ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પણ ડીપીએસ ગાંધીનગરની બાળાઓએ વિજયકૂચ આગળ ધપાવી છે. આ સફળતા બદલ આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અમદાવાદ ખાતે ત્રણ દિવસીય આર્ટ ઍક્ઝિબિશન



ગાંધીનગર, તા. ૨૬
પ્રિસ્ટાઈન ઈન્ફો સોલ્યુશન્સ અને એસ્ટેટિક આર્ટ્સ દ્વારા અમદાવાદ ખાતે ત્રણ દિવસીય આર્ટ એકજીબિશન નું આયોજન કરવામાં આવ્યું છે આ ઍક્ઝિબિશન થકી જે પણ આવક થશે તે જિંદગી ફાઉન્ડેશન એનજીઓ માં આપવામાં આવશે. એકજીબિશનનું આયોજન ૨૬ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન રવિ શંકર રાવલ કલા ભવન ખાતે કરાયું છે. આ ઍક્ઝિબિશમાં આર્ટિસ્ટ મધુ કૈલાશી અને અંકલેશ નિશાદના આર્ટફોર્મ જેવા કે બેલા, શકુંતલા, સાંજ અને અનેક માસ્ટરપીસ રજુ થઈ રહ્યા છે.

અંકલેશ નિશાદ ના જણાવ્યા મુજબ 'આ એકજીબિશન માં મોડર્ન, સ્ટ્રક્ચરલ, ઉડી આર્ટ, પૉપ આર્ટ વગેરે રજુ કરવામાં આવી છે આ પ્રકાર ના એકજીબિશન કરવા પાછળ નો મુખ્ય હેતુ એ છે કે લોકો માં આર્ટ અને આર્ટિસ્ટ વિષેની સમાજ વધે અને લોકોને કંઈક નવું જોવા મળે.'

મધુ કૈલાશીએ જણાવ્યું કે 'આપણા દેશમાં એવા ઘણા સારા આર્ટિસ્ટ છે જે આપણે કલ્પના પણ ના કરી શકીએ તેવી આર્ટ બનાવતા હોય છે પરંતુ ઘણી વાર યોગ્ય સહકાર અને સારું પ્લેટફોર્મ ન મળવાના કારણે તે કયાંક ખોવાઈ જાય છે માટે આપણે આવા આર્ટિસ્ટને સહકાર આપવું જોઈએ કેમકે કોઈ પણ આર્ટ બનાવવા પાછળ એક આર્ટિસ્ટના જીવનના ઘણા અમૂલ્ય દિવસો અને ઘણી વાર વર્ષો જોડાયેલા હોય છે. અમને ખુશી છે કે આ ત્રણ દિવસીય ઍક્ઝિબિશનમાંથી જે પણ ફંડ ઉભું થશે તે એનજીઓ દ્વારા અનેક એવા લોકો માટે ખર્ચવામાં આવશે જેમને જીવનમાં કંઈક કરવું છે પરંતુ નાણાકીય તકલીફોને કારણે તેઓ તે હાંસિલ કરવામાં નિષ્ફળ જાય છે. અમે એવા લોકો ને મદદ કરવા માંગીએ છીએ જેથી નાણાકીય સમસ્યા ને કારણે કોઈપણ વ્યકિતનાં સપનાઓ અધૂરાં ના રહી જાય.'

# સારા સ્ટેટસવાળી જોબ મેળવવા શું કરવું ?




નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું અત્યાર ધોરણ ૧૧માં અભ્યાસ કરું છું. એન.આઇ.ડી. માટેની પરીક્ષાની માહિતી આપશો.**

**- શાલિની મહેતા, ગાંધીનગર**



એન.આઈ.ડી એટ્લે કે નેશનલ ઈન્સટીટ્યુટ ઑફ ડિઝાઈનની ટેસ્ટને ડિઝાઈન એપ્ટિટ્યૂડ ટેસ્ટ (ડી.એ.ટી) કેહવાય છે. તેમાં મુખ્યત્વે બે પેપર આવે છે - પેપર-૧ માં ઓબ્જેક્ટિવ એટ્લે કે એમ.સી.ક્યુ આધારિત અને ડિસ્ક્રિપ્ટિવ (લેખિત) આધારિત પ્રશ્નો હોય છે. આ પેપર કુલ સો માર્ક્સનું હોય છે. તેમાં ૭૦ માર્ક્સના ઓબ્જેક્ટિવ અને ૩૦ માર્ક્સ ના ડિસ્ક્રિપ્ટિવ અધારિત પ્રશ્નો હોય છે. પ્રશ્નો વિશે વાત કરીએ તો મુખ્યત્વે આ પરીક્ષામાં વિઝ્યુલ ડિઝાઈન, કોમ્યુનિકેશન એબિલિટી, થિમેટિક કલર અરેંજમેંટ, જનરલ મેન્ટ્લ એબિલિટી એટ્લે કે તાર્કિક શક્તિ, વિગેરેના પ્રશ્નો પૂછાતા હોય છે. આ પેપર ૩ કલાકનું રહે છે તથા આ પેપર માં કોઇ નેગેટિવ માર્ક્સ હોતા નથી એટ્લે કે પ્રશ્ન ખોટો પડે તો કોઈ વધારાના ગુણ કપાતા નથી. પેપર-૧ માં ઉત્તિર્ણ થયા પછી પેપર-૨ આપવામાં આવે છે. પેપર-૨ની વાત કરીએ તો તેમાં સ્ટુડિઓ ટેસ્ટ લેવામાં આવે છે. સ્ટુડિઓ ટેસ્ટમાં ૩ડી મોડેલિંગ, પોર્ટફોલિયો મેકિંગ, ડૂડલિંગ, ક્રિએટિવ થિંકિંગ, વિગેરે મુદાઓ પર વિદ્યાર્થીને ચકાસવામાં આવે છે. જેમાં અલગ-અલગ પ્રકારના તમારા ક્ષેત્ર ને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે. પરીક્ષાની તૈયારી વિશે વાત કરીએ તો આપે આ માટે પરીક્ષાને લગતા મોડેલ પેપરનું અધ્યયન કરી અને સોલ્વ કરી શકો છો. એ સિવાય આપે ડિઝાઈનિંગને લગતા વિષય પર રસ દાખવી એ વિશે પણ માહિતી પ્રાપ્ત કરવાની રહે છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું અત્યારે ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. સી.એ.ની પરીક્ષા વિશે માહિતી આપશો. અને સારા સ્ટેટસ વાળી જોબ મેળવવા શું કરવું?**

**- કશિશ છાગ, ગાંધીનગર**

સી.એ બનવા માટે સામાન્ય રીતે ત્રણ તબક્કા હોય છે. પ્રથમ છે સી.પી.ટી. એટ્લે કે કોમન પ્રોફિશિએંસી ટેસ્ટ. એ પાસ કર્યા પછી આવે છે આઈ.પી.સી.સી એટ્લે કે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પેટેન્સી કોર્સ. એ પછી આવે છે



આર્ટીકલશિપ કે જેમાં આપે કોઈ સી.એ. જોડે ૩ વર્ષ પ્રેક્ટિસ કરવાની હોય છે. આર્ટીકલશિપ કર્યા પછી આપ સી.એ. ફાઈનલની પરીક્ષા આપી શકો છો. તેમાં ઉત્તિર્ણ થયા બાદ આપ સી.એ. બની શકો છો. આ પ્રથમ તબક્કો એટ્લે કે સી.પી.ટી. આપ ધોરણ ૧૨ પછી આપી શકો છો. જો આપ ગ્રેજ્યુએશન પછી સી.એ. કરવા માંગો છો તો આપ ડાઈરેક્ટ આઈ.પી.સી.સી. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પેટેન્સી કોર્સમાં ઉત્તિર્ણ થવાનુ હોય છે. તેના પછી આપ આર્ટીકલશિપ અને સી.એ. ફાઈનલની પરીક્ષા આપી, સી.એ. બની શકો છો. હવે આપના બીજા પ્રશ્ન પર આવીએ એ સારા સ્ટેટસવાળી જોબ મેળવવા માટે શું કરવું? તો આપને જણાવી દઈએ કે સ્ટેટસ કે સ્ટેટસ એ સફળતા સાથે જોડાયેલુ છે. અને સફળતા એ આપ ના કામ જોડે જોડાયેલી છે. જો આપ કામ ખુબજ સારું કરશો તો આપ ને સફળતા અને સ્ટેટસ બંને મળશે. ઉધારણ તરીકે સચિન તેંદુલકરએ કોઈ સ્પેશિયલ કોર્સ નથી કર્યો પણ તે પોતાના કામમાં ખૂબ રુચિ ધરાવે છે અને એટલેજ તે સફળ પણ છે અને તેની પાસે ખૂબ સારું સ્ટેટસ પણ છે. રુચિ એટ્લે કે લગાવ કયા ક્ષેત્ર માટે વધુ છે એ મહત્વનું છે. જે ક્ષેત્રમાં આપને લગાવ હોય તે ક્ષેત્ર આપ પસંદ કરો છો તો આપને એમાં સફળતા અચૂક મળે છે. જેમ કે સી.એ. અને એમ.બીમ.એ. બન્નેમાં આપને સારા સ્ટેટસ ની જોબ મળી શકે છે. પણ અંતે આપેજ નક્કી કરવાનું રહે છે કે આપને રુચિ કયા વિકલ્પ તરફ વધુ છે. આપ સફળ હશો તો સ્ટેટસ આપોઆપ મળશે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. ધોરણ ૧૨ પછી આઇ.પી.એમ. અને સી.એ.ટી બન્ને આપવી પડે કે કોઇ એક જ આપવી પડે? અને બન્નેમાંથી કઇ આપવી હિતાવહ છે?**

**- મોનિક દૂધત, ગાંધીનગર**

મોનિક, હાલ આપ ધોરણ ૧૨માં છો તેથી આપની લાયકાત જે છે તે મુજબ આપ આઇ.પી.એમ.ની પરીક્ષા આપી શકો છો. ધોરણ ૧૨ પછી એમ.બી.એ. કરવા માટે આઈ.આઈ.એમ-ઈંદૌર ધ્વારા




લેવાતી પ્રવેશ પરીક્ષા આઈ.આઈ.એમ-આઈ.પી.એમ આપવાની હોય છે. આ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ આપને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે અને ત્યાર બાદ આપનુ સિલેકશન આઈ.આઈ.એમ.માં થતું હોય છે. આમ હાલ આપ ધોરણ ૧૨માં છો તો આપના માટે સી.એ.ટી. પરીક્ષાનો વિકલ્પ ઉપ્લબ્ધ નથી. હાલ આપ ફક્ત આઈ.પી.એમ. અને તેના જેવી અન્ય પરીક્ષા આપી શકો છો. સી.એ.ટી. માટે આપનું ગ્રેજ્યુએશન પૂરુ હોવું જરૂરી છે. અન્ય એક પરીક્ષા છે યુ.જી.એ.ટી. એટલે કે અન્ડર ગ્રેજ્યુએટ એડમીશન ટેસ્ટ જે આપી ધોરણ ૧૨ પછી અન્ય સારી અને પ્રતિષ્ઠિત કોલજમાં એમ.બી.એ માટે પ્રવેશ મેળવી શકો છો. આમ આપ ધોરણ ૧૨ પછી એમ.બી.એ. માટે આઈ.પી.એમ. અને યુ.જી.એ.ટી.ની પરીક્ષા આપી શકો છો. અન્ય એક મહત્વની વાત એ છે કે અન્ય ખાનગી કોલેજો પણ પોતાની પ્રવેશ પ્રક્રિયા યોજતી હોય છે જે આપીને આપ એડમિશન મેળવી શકો છો. આપના બીજા પ્રશ્ન પર આવીએ કે આઈ.પી.એમ અને સી.એ.ટી.માંથી કઈ પરીક્ષા સારી કહી શકાય? તો આપને જણાવી દઈએ કે આ બન્ને પરીક્ષાની સરખામણી કરવાનો કોઈ પ્રશ્ન ઊભો નથી થતો કારણકે આ બન્ને પરીક્ષા થકી આપ આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો. હા, એક ધ્યાન રાખવાની બાબત એ છે કે આઈ.પી.એમ. બાદ આપ ફકત એક આઈ.આઈ.એમ કે જે ઈંદોર સ્થિત છે તેમાં એડ્મીશન મેળવી શકો છો. જ્યારે સી.એ.ટી.ની પરીક્ષા બાદ આપની પાસે ભારતભરની અલગ-અલગ ૨૦ આઈ.આઈ.એમ.ના વિકલ્પ ઉપ્લબ્ધ રહે છે. આઈ.પી.એમ.માં સ્પર્ધા સી.એ.ટી.ના પ્રમાણમાં ઓછી રહે છે. આમ, હાલ આપ ધોરણ ૧૨ પછી જો આપનું ધ્યેય નક્કી હોય અને આપ આપનું કરિયર મેનેજમેન્ટ ક્ષેત્રમાં બનાવવા માંગો છો તો આપ અવશ્ય આઈ.પી.એમ અને યુ.જી.એ.ટી. પર પસંદગી ઉતારી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook: www.facebook.com/questions.careercorner

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૧૫મો મણકો ॥**

એ પીવા માટે તેમણે ગાંધીજીને આદેશ પણ કર્યો. ગાંધીજીએ તેમને સવાલ કર્યો : 'માંસાહારથી હું બચી જ જઈશ અને નહીં કરું તો મરી જ જઈશ એવું તમે ખાતરીપૂર્વક કહી શકો છો ?' ત્યારે ડૉક્ટરે જવાબ આપેલો, 'મારવું કે જીવાડવું એ તો ઉપરવાળાના હાથમાં છે.' 'બસ ત્યારે,'



ગાંધીજીએ કહ્યું હતું : 'મારવું કે જીવાડવું એ ઉપરવાળાના હાથમાં છે પણ પ્રતિજ્ઞા પાળવી એ તો નીચેવાળાના હાથમાં છે !' ખ્યાલ રાખવા જેવો છે કે આ ૧૯ વર્ષનો મોહનદાસ કહેતો હતો. જેનાં ચિત્રોની આગળ આપણે ફૂલ મૂકીએ છીએ એ સાઠ વર્ષથી ઉપરનો ગાંધી નહોતો કહેતો. ૧૯ વર્ષનો જુવાન જેને ડૉક્ટર કહે છે કે જીવન-મરણનો પ્રશ્ન છે. યુધિષ્ઠિરને પૂછાયેલા યક્ષ પ્રશ્ન જેવી સ્થિતિ, પણ જવાબ ? મારવું કે જીવાડવું એ ઉપરવાળાના હાથમાં છે પણ પ્રતિજ્ઞા પાળવી એ તો નીચેવાળાના હાથમાં છે ! ને એણે પાલન કર્યું. આ જે દ્રઢતા હતી એણે આ માણસને ગાંધી બનાવ્યો. ગાંધી કથાના આ દિવસો દરમ્યાન આપણે રોજેરોજ કોઈક એક ધૂનથી આરંભ કરીશું. એનું પ્રયોજન અંગ્રેજીમાં જેને વૉર્મીંગ અપ કહે છે તે છે. આનાથી શ્રોતા અને કથાકાર વચ્ચે તાદાત્મ્ય સધાય છે. એનો બીજો ઉદ્દેશ એ કે લયની સાથે તન્મયતા સાધવામાં પણ ઉપયોગી થાય તેવી વસ્તુ છે. મોટાભાગે આ ધૂનમાં દેવ-દેવતાનાં નામનો ઉલ્લેખ આવે છે. વળી, અહીં જે ધૂનો ગવાય છે એ બધી ધૂન કોઈક ને કોઈક ગાંધીવિચાર સાથે સંબંધિત છે.

ચિત્તશુદ્ધિ અને સમાજક્રાંતિ અવિચ્છિન્ન રીતે જ્યાં સંકળાયેલી છે એવા ગાંધીના વ્યક્તિત્વની આપણે કથા માંડી છે. અને ગઈ કાલે ચિત્તશુદ્ધિનાં એમનાં જે પગથિયાં આપણે જોયાં. નિરીક્ષણ, પરીક્ષણ, શોધન, પોતાના દોષોને મોટા કરીને જોવા. ચિત્તશુદ્ધિની યાત્રાની જુદી જુદી ટૂકો.

એકોહમ્ બહુસ્યામ, ઉપનિષદ કાળથી મનુષ્ય જાતિની આકાંક્ષા. એક છું, પણ અનેક થઈશ, સમાજમાં ભળીશ.

ગાંધીની ગઈ કાલે જે લાક્ષણિકતાઓ જોઈ એમાં એ પણ જોયું કે જે ગુણ વ્યક્તિમાં હોય તે મૂલ્યરૂપે સમાજમાં સ્થાપિત થવો જોઈએ, વ્યક્તિમાં રહેલો ગુણ સમાજમાં વ્યાપક થવો જોઈએ. એટલે કે વ્યક્તિ અને સમાજનું વ્યક્તિત્વ અવિચ્છિન્ન થવું જોઈએ. વ્યક્તિ અને સમાજના જીવનનો અભેદ થવો જોઈએ, બંને વચ્ચેનો પડદો બારીક ને બારીક થઈ છેવટે જેટલો શૂન્ય થાય એટલી એની પ્રગતિ થાય.

આજથી આપણે ગાંધીજીના જીવનમાં સામાજિકતા કેવી રીતે વધી ? એની વાત માંડવાના છીએ. મુખ્યત્વે એ વાત આપણે કહીશું.

વાત તો મારે કરવી છે આજે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ગાળેલાં જે વર્ષો હતાં તે વિશે. કુલ ૨૧ વર્ષ ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રહ્યા. પણ તે દરમ્યાન બે વાર ગાંધીજી ભારત આવ્યા હતા અને બે વાર ઈંગ્લેન્ડ ગયા હતા. એ બધું મળીને એક વર્ષ જેવું થાય છે. એમ ચોખ્ખા ૨૦ વર્ષ તેઓ દક્ષિણ આફ્રિકામાં રહ્યા હતા. એ ૨૦ વર્ષોની વાત આપણે માંડવાના છીએ. પણ એ વર્ષોનાં ઘણા વર્ષો પછીની વાતથી એ વાત શરૂ કરવી છે.

150 ગાંધીયાત્રા

થોડાક ધાર્મિક અમેરિકનોની એક ટૂકડી તે સમયના મદ્રાસ (હાલ ચેન્નાઈ) કોઈ ધર્મ સંમેલન માટે આવેલી, તેમાં કાળાગોરા અમેરિકનો હતા. એમના આગેવાન હતા તેમને અચાનક ભાન થયું કે મદ્રાસથી દિલ્હી જતાં રસ્તામાં જ વર્ધા આવે છે. એટલે ગાંધીજી બરાબર વચ્ચોવચ છે. એટલે એમણે તાર કર્યો કે અમે મદ્રાસ છીએ ને ત્યાંથી દિલ્હી જવાના છીએ તો તમને મળવું છે. કોયડો તેમણે ઊભો કર્યો મહાદેવભાઈ માટે. ગાંધીજીનો બધો સમય તો રોકાઈ ચૂક્યો હતો. મહાદેવભાઈને કોઈક વાર બહુ કડક થઈને કામ કરવું પડતું હતું. પણ તેમનો સ્વભાવ કડક થવાનો નહોતો. તેમને એમ કે આટલે દૂરથી આવેલા લોકો, પોતાની યાત્રા થોભાવીને વર્ધામાં રોકાવા તૈયાર થયા છે ત્યારે કંઈક તો સમય આપવો પડે.

મહાદેવભાઈએ વિચારીને કહ્યું, તમે જો આવતીકાલ સુધી રોકાઓ તો હું બે મુલાકાતોની વચ્ચે દસ મિનિટ તમારા માટે ફાળવી આપવા તૈયાર છું. ટૂકડી તૈયાર થઈ. પણ તેમને ગાંધીજી સાથે મળેલી ૧૦ મિનીટનો વધારેમાં વધારે સારો ઉપયોગ કરવા માટે તેમણે પોતાને પૂછવાના પ્રશ્નો અગાઉથી લેખિતમાં તૈયાર કરી નાખ્યા. દસેદસ મિનીટ ગાંધીજીએ બોલવાનું.

કુલ ત્રણ પ્રશ્નો હતા. જેમાંથી પહેલા બે પ્રશ્નમાં ગાંધીજીએ બે મિનીટ કરતાં વધારે નહીં લીધી અને ત્રીજા પ્રશ્નમાં આઠ મિનીટ. ત્રણેય પ્રશ્નો મજાના છે. આપણી આજની કથાનો વિષય ત્રીજા પ્રશ્નને લગતો છે. પણ આગલા પ્રશ્નોમાં પણ શ્રોતાઓને રસ પડે તેવો છે તેથી કહી દઉં.

પહેલો પ્રશ્ન હતો : તમારી આટલી લાંબી જિંદગીમાં સંકટકાળ તો અનેક આવ્યાં હશે. આ સંકટકાળમાં તમને ટકાવી રાખનારું તત્ત્વ કયું ? આ ધર્મના સંમેલન અંગે આવેલા લોકો. પ્રશ્ન પૂછનાર માણસ એક રેવરન અને ડૉક્ટરેટ કરેલો એક પાદરી. કદાચ જવાબ પણ અપેક્ષિત હતો. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ